## સલામી સવારની..



**સુપ્રભાતમ્**
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*ચિંતા નથી, હારશું તોય, પૈસાથી ફોડી નાખશું !*
*પદની પાથરશું જાજમ, પક્ષો તોડી નાખશું !*
*ખોડી નાખશું, અમારા પક્ષનો ઝંડો કીચડમાં-*
*અંબાણીની નાણા-કેથળીની ગાંઠ છોડી નાખશું...*
*(ભાંગફોડ નીતિના નેતાનું નિવેદન)*

**હાઈકુ**

*એમેલે સાંધે-*
*ત્યાં સંસદમાં હવે*
*તૂટે છે તેર !*

*પેઠી છે બીક*
*વધુ મતદાનથી -*
*બંને પક્ષને...*

### ચિંતન

*કબીરા ! યા સંસાર મેં પાંચ રતન હૈ સાર,*
*સાધુ મિલન અરુ હરિ ભજન, દયા, દીન, ઉપકાર*

ઉપરોક્ત સાખી 'કહત કબીરા'માંથી લેવામાં આવી છે.

કબીર મૃત્યુલોકના માનવીને સંસારની મોહ-માયામાંથી મુક્ત થઈ પ્રભુને પામવાની એષણા હોય તો શું કરવું ? એ વિષે કહે છે કે, આ સંસારમાંથી પાંચ સાચા રત્નને ઓળખી લો. એ રત્નો છે : પવિત્ર પુરુષની એટલે કે સાચા ગુરુની મુલાકાત, પરમાત્મા સ્મરણ, ભજન, પ્રત્યેક જીવ પ્રતિ દયા,દીનતા એટલે નમ્રતા અને ઉપકાર એટલે પરોપકાર. આ પાંચ રત્નોને ઓળખીને તેને તમારા જીવનમાં અપનાવશો તો પ્રભુ તમારાથી વેગળો નહીં જ રહે.

ટૂંકમાં, સત્સંગ દ્વારા ભક્તિ મળે છે અને ભક્તહૃદયમાં દીન-દુખીઓ પર પ્રેમ, લાગણી જન્મે છે અને તેથી જ પરોપકાર કૃતિ પાંગરે છે.

### સુવિચાર

- જિંદગી કી રાહોં મેં અક્સર હોતા હૈ, ફૈસલા જો મુશ્કિલ હો વહી બહેતર હોતા હૈ - **ઈકબાલ**
- તમારું દુખ બધે ના રડો, મલક કોઈકના જ ઘરે મળશે, પણ મીઠું દરેકના ઘેર મળશે. - **એસ. ભટ્ટાચાર્ય**
- કર્મમાં વિશ્વસ રાખો, 'રાશિ'માં નહીં કારણ કે રામ અને રાવણ, કૃષ્ણ અને કંસ, ગાંધીજી અને ગોડસે, ઓબામા અને ઓસામા.... દરેકની રાશિ સરખી છે પરંતુ તેઓનાં કર્મ જુદાં છે - **જનકલ્યાણ**
- કણ અને ક્ષણની જેને કિંમત છે તેને મણ જેટલું સુખ મળે છે - **વજુ કોટક**
- માણસની બધી ઈચ્છાઓમાંથી અડધી પણ પૂર્ણ થઈ જાય તો એની મુશ્કેલીઓ બમણી થઈ જવાની - **ફ્રેંકલીન**
- સૌથી મોટો દીન-દુર્બળ તો એ છે કે જેનું પોતાના પર નિયંત્રણ નથી - **સંત રોબિન**
- આજનું ઔષધ : ગાજરને છુંદી તેની પેસ્ટ ઘા પર બાંધવાથી જલદી રૂઝ આવે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ધર્મમાં તમારી ઉત્સુકતા વાસ્તવિક ત્યારે જ હશે, જ્યારે તમે આ જીવનની યાત્રા પર કોઈ પણ સ્થિતિમાં જવા રાજી નહિ હોવ. જે દિવસે તમારે માટે બધું વ્યર્થ થઈ ગયું, બધું બહાર છે અને બધું સારહિન છે, તે દિવસે તમારા જીવનમાં ધર્મનો જન્મ થશે.

મુલ્લા નસરુદીન પહેલીવાર વહાણમાં બેસી પરદેશ ગયા. મુસાફરી દરમિયાન તે ભારે બીમાર થઈ ગયા. ઊલ્ટી, વમન, ચક્કરથી પરેશાન થઈ ગયા. તેમાં સમુદ્રમાં ભયંકર તોફાન આવ્યું. જહાજ પણ માંડ ચાલી શકે તેવું જબરદસ્ત તોફાન મુલ્લાએ પહેલીવાર જોયું.

ગભરાયેલા મુલ્લાને મોત નજીક દેખાયું ત્યારે તેણે પોતાની પત્નીને કહ્યું કે, તમામ સંપત્તિ મેં તારા નામ પર લખી આપી છે. એ મારું વસિયતનામું આપણા કબાટમાં રાખ્યું છે. જો હું મરી જાઉં તો નજીકમાં જે બંદર પર જહાજ લાંગરે ત્યાં જ મને દફનાવી દેજો. ચાહે હું મરું કે ન મરું, આવી સમુદ્રની યાત્રા હું ફરી ક્યારેય નહીં કરું.

જે દિવસે તમને જિંદગી આવી બેહૂદી લાગવા લાગે ત્યારે, જે દિવસે તમને આ જિંદગી મૃત્યુથી બદતર દેખાવા લાગે ત્યારે તમારા જીવનમાં ક્રાંતિ થશે.

# બે પવિત્ર મહિનાઓનું સાયુજ્ય

**તંત્રીસ્થાનેથી...**

વૈશાખ અને રમઝાન લગોલગ ચાલવા લાગ્યા છે. ઈસ્લામના અનુયાયીઓ માટે વર્ષ દરમિયાન રમઝાનથી પવિત્ર કોઈ સમયગાળો નથી. એ તપ અને તિતિક્ષાનો માસ છે. વળી ચાંદ્ર વર્ષને કારણે રમઝાન દરેક ઋતુમાં ફરતો રહે છે. ક્યારેક શિયાળામાં આવે ત્યારે આબાલવૃદ્ધને એ બહુ જ અનુકૂળ રહે છે. ઠંડક હોય, પસીનો ઓછો થાય, દિવસ પણ પ્રમાણમાં ટૂંકો લાગે એટલે પાણી પીધા વગર ઝાઝી તકલીફ ન અનુભવાય. ઉનાળામાં એ સૌથી આકરો લાગે. છતાં ચુસ્ત મુસલમાન શક્ય હોય ત્યાં સુધી રોજા રાખે જ. શ્રદ્ધા હોય ત્યાં ગમે તેવી આકરી તાવણીમાંથી પસાર થઈ જવાનું મનોબળ આપોઆપ કેળવાઈ જાય. ધોમદખતા વૈશાખનું પણ આગવું સૌંદર્ય છે. મહાન ધર્માધ્યક્ષો અને શ્રેષ્ઠ સર્જકો વૈશાખમાં પ્રગટ્યા છે. આદિ શંકરાચાર્ય વૈશાખ સુદ પાંચમે જન્મ્યા. ફક્ત બત્રીસ વર્ષના ટૂંકા જીવનકાળમાં એમણે વેરવિખેર સનાતન ધર્મને એકસૂત્રમાં બાંધીને કેવું મોટું કામ કર્યું છે ! આજે આદિશંકરનું પ્રાગટ્ય પર્વ છે, જેનો મહિમા ખુદ હિંદુઓ જ વીસરી ગયા છે. દક્ષિણ ભારતમાં-કેરળમાં જન્મેલા એ દિવ્ય મહાપુરુષે દેશના ચાર ખૂણે ચાર ધર્મપીઠો સ્થાપી. ઉત્તરમાં બદરીનાથ ખાતે જ્યોતિષ પીઠ, પશ્ચિમમાં દ્વારકા ખાતે શારદાપીઠ, પૂર્વમાં પુરી અને દક્ષિણમાં શૃંગેરી. તે સમયે સનાતન ધર્મમાં પણ શૈવ અને વૈષ્ણવ પંથીઓ વચ્ચે વૈમનસ્ય હતું. શંકરાચાર્યે બદરીનાથ ખાતે ધર્મપીઠ સ્થાપ્યા પછી એથીય ઉપર કેદારનાથ મહાદેવના શિવાલયની સ્વહસ્તે સ્થાપના કરી. શંકરાચાર્ય પ્રકાંડ પંડિત હતા, આશુ કવિ હતા. એમણે રચેલાં સ્તોત્રો અને ભાષ્યોનો વિશ્વસાહિત્યમાં જોટો જડે એમ નથી. હિંદુ ધર્મને અને એના વેરવિખેર તાણાવાણાને રખા કરવામાં આ મહાન ધર્માધ્યક્ષની ભૂમિકા અવિસ્મરણીય છે. એથી અલબત્ત સાધુ-સંન્યાસી પરંપરામાં શંકરાચાર્યને 'જગદ્‌ગુરુ' ગણવાની પ્રથા જરૂર શરૂ થઈ પરંતુ ખ્રિસ્તી જગત જે રીતે પોપનું કે ઈસ્લામી દુનિયા મહંમદ પયગંબરનું મહત્ત્વ સમજે છે એવું આપણા હિંદુ સમાજમાં શક્ય ન બન્યું. સંન્યાસીઓ સમાજ પર બોજારૂપ બનતા ચાલ્યા અને ધર્મ અનેક સંપ્રદાયોમાં વહેંચાઈ ગયો. આદિ શંકરનો મહિમા ભુલાઈ ગયો અને વર્તમાન ગુરુઓની પૂજા થવા લાગી જે પૈકી કેટલાક તો હવે જેલની હવા ખાઈ રહ્યા છે. વૈશાખ પૂર્ણિમાનો દિવસ પણ ધાર્મિક રીતે મહત્ત્વનો છે. ભગવાન બુદ્ધનો એ જન્મદિવસ છે, બોધિજ્ઞાનનો દિવસ પણ છે અને નિર્વાણનો દિવસ પણ છે. કમનસીબે સનાતન ધર્મીઓએ આ મધ્યમ માર્ગી ધર્મને દેશમાં વિકસવા ન દીધો. સમ્રાટ અશોકે તો પોતાની બહેન સંઘમિત્રાને બૌદ્ધ ધર્મના પ્રચાર માટે શ્રીલંકા મોકલી હતી. કાળક્રમે બૌદ્ધ ધર્મ ભારતના પાડોશી દેશોમાં ફેલાયો. આજે બિહારમાં આવેલાં બૌદ્ધ તીર્થો-રાજગીર, બોધિગયા કે નાલંદાની અને સારનાથની મુલાકાતે દુનિયાભરના લોકો ઊમટે છે. રમઝાન અને વૈશાખનું સાયુજ્ય એ હિન્દુ-મુસ્લિમ સૌમનસ્યનું પ્રતીક છે. રાજકારણીઓ એમનાં ટૂંકાં ગણિત માંડીને પ્રજાને એકમેક વિરુદ્ધ ભડકાવી પોતાનો સ્વાર્થ સાધી લેવાની ફિરાકમાં ફરતા રહેતા હોય ત્યારે આપણે ઠંડા કલેજે કુદરતે કરી આપેલા આ બેઉ પવિત્ર મહિનાઓના સાયુજ્યમાંથી બોધપાઠ લેવાની જરૂર છે.

# એકલો જાને રે... પણ ક્યાં જા ને ક્યારે જા ?

એકલો જાને રે... નો સંદેશ આપતાં ગીતના કવિશ્રીની ક્ષમાયાચના સાથે સંસારમાં એકલા જવામાં ક્યાં ક્યાં ક્યારે કેવા જોખમો ઊભાં થાય છે તેની વાત કરવી છે.

મારા ગામના દોસ્ત ચીમન ચપટીને કોઈ સંતે સપનામાં આવીને સંદેશ અથવા તો આદેશ સંભળાવ્યો કે -

જીવનમાં તું એકલો આવ્યો છે ને એકલો જ જવાનો છે તો આજથી દરેક કામ તું હિંમત રાખીને એકલો જ કરવાનું રાખજે.

બસ થઈ રહ્યું. ચીમન જે અત્યાર સુધી બે ત્રણ ભાઈબંધો સાથે જ ભ્રમણ કરતો હતો તેને બદલે હવે એકલો જ નીકળવા માંડ્યો, તેમાં તેને કેવા કેવા અનુભવ થયા એ જાણીએ.

વહેલી સવારે શહેરમાં એકલા ચાલવા જવું અને ગામડામાં એકલા ચાલવા નીકળવું એ બેમાં ઘણો તફાવત છે. શહેરમાં તો પરોઢિયે ચારેક વાગ્યાથી ટ્રાફિક ચાલુ થવા લાગે, બહારગામ નોકરી ધંધાર્થે જનારા લોકોય નીકળવા માંડે એટલે કશું ભય જેવું ન લાગે, વળી બીજાં કેટલાંક સ્ત્રીપુરુષો પણ મોર્નિંગ વોક માટે નીકળેલાં હોય, જ્યારે ગામડા ગામમાં તો સવારે સાડા છ સુધી લગભઘ સન્નાટો જ હોય.

એવામાં ચીમન એક દિવસ એકલો સવારે ચાલવા અથવા દોડવા માંડ્યો તો એક ખૂણેથી બેચાર કૂતરાં ભસતાં ભસતાં પાછળ પડ્યાં. કૂતરાનું એવું હોય છે કે એ અંદર અંદર એકબીજાને ભસતાં ભસતાં એમનો હિસાબ પતાવતાં હોય છે, તેમાં જો તમે એમની આજુબાજુ થઈ કશું રીએક્શન આપ્યા વગર નીકળી જાઓ તો એ તમારી સામેય જોતાં નથી. પરંતુ જો તમે એમને ભસતાં જોઈ અટકી અટકીને તેમની સામે નજર મિલાવવા જાવ કે પછી ડરીને દોડવા જાઓ તો પછી એમનું ભ સવાનું તમારા તરફ આવી જાય છે. ચીમન પણ હાથમાં લાકડી જેવું કશું લીધા વિના વહેલી પરોઢે એકલો ચાલવા નીકળી પડેલો. પણ તેનું સદ્‌ભાગ્ય કે કૂતરાંએ તેના પર વધારે હૂમલો ન કર્યો.

આવી જ રીતે ચીમનને નદીએ ન્હાવાનો જબરો શોખ તે એકવાર નદીમાં એકલો ન્હાવા પડ્યો. તેને તરતાં તો આવડતું હતું પણ તોય એકલા એકલા ન્હાવાની કંઈ મઝા ન આવી એટલે એ ધીમે ધીમે બીજી તરફ જ્યાં કેટલીક સ્ત્રીઓ કપડાં ધોવા બેઠેલી એ તરફ સરકવા લાગ્યો તો એ સ્ત્રીઓના મોઢેથી સ્વસ્તિવચનો સાંભળવાં પડ્યાં...

મૂઆ રોયા, આ બૈરાં ન્હાતા ધોતાં હોય એ બાજુ શું કામ ગુડાય છે ? જા અહીંથી, નકર હમણાં ઝાલીને તને જ ધોઈ નાખીશું...

જો ફરી દેખાયો તો ખેર નથી હા...

ચીમન ચપટી ક્યારે કશું ધીર ગંભીર થઈને વિચારવા પણ લાગી જતો. એકલા આગળ વધવાની બાતે વિચારતાં વિચારતાં તેને એમ થયું કે શું એકલા એકલા પ્રવાસ કરવાની કાંઈ મઝા આવે ખરી ? અરે લગ્ન પછી પતિ-પત્ની બે જણે એક સાથે જ ફરવા જવાનું હોય. તેમાં વળી એકલા કઈ રીતે જઈ શકાય ? એને લાગ્યું કે જીવનમાં ઘણાં બધા કાર્યો અને પ્રવૃત્તિઓ એવી છે કે જે એકલા એકલા થઈ શકે જ નહિ... પણ ત્યાં તો ચીમનનો અંતરાત્મા બોલ્યો,

દોસ, ભક્તિ તો એકલા એકલા જ થાય હોં...

અરે પણ સંસાર ભોગવ્યા પહેલાં જ ભક્તિ કઈ રીતે કરવાની? પહેલાં લગન બગન તો થવા દે, ભક્તિ તો ઘૈડપણમાં જ કરવાની હોય ને ?

એનું સંસારી મન તુરત જ બોલી ઊઠ્યું.

આ બાબતમાં અમનેય લાગે છે કે એકલા જીવવાના ને એકલા રહેવાના ઘણા ફાયદા પણ છે ને ગેરફાયદા પણ છે. એટલે માણસે વિવેકબુદ્ધિ વાપરીને જ્યાં એકલા રહેવાનું યોગ્ય હોય ત્યાં એકલા રહેવું કે જવું ને જ્યાં એક કરતાં વધારે વ્યક્તિઓની કંપનીની જરૂરિયાત અતિ આવશ્યક હોય ત્યાં એકલા જવાની ભૂલ કરવી નહીં.

**- અનંત પટેલ**

## એકલા જીવવાના ને એકલા રહેવાના ઘણા ફાયદા પણ છે ને ગેરફાયદા પણ છે

# સફળતા કે પ્રશંસાની લાલસા વિના સ્વઆનંદ માટે થતા સાચા પ્રયાસને ચોક્કસ જ માર્ગ મળી રહે છે



**અબીલ-ગુલાલ**
મમતા રાવલ

ગત વર્ષ હેપ્પનીગ થી ભરેલું રહ્યું...ખાસ કરીને મારે માટે...કેટલીક નવી યાત્રાઓ આરંભાઈ...જેમાંની મહત્વની યાત્રા આ લેખન યાત્રા...જે ' અબીલ-ગુલાલ ' ના માધ્યમથી આપ સહુના મન-બુધ્ધી-હદય સુધી રેલાવા મથતી રહી. એપ્રિલ માસમાં આ નમ્ર પ્રયાસ ને એક વર્ષ પૂરું થયું.

**ઉંમરના બંધન ને છોડીને જ્યારે પેશન જીવવાનું શરૂ થાય ત્યારે સાચા જીવનની શરૂઆત થાય છે**

સતત-અવિરત આ યાત્રામાં વાંચક મિત્રો-સ્નેહીજન-પરિવારજન-પ્રિયજન ના પ્રોત્સાહક સહકારનો ખૂબ અગત્યનો ફાળો છે. આ તબક્કે આજ માધ્યમથી સહુને વંદન પાઠવું છું. કોઈક તમારા સર્જન ને વધાવે છે...પસંદ કરે છે એ વાત કોઈપણ સર્જક માટે મોટી મૂડી સમાન છે.

અનાયાસે શરૂ થયેલી આ યાત્રા કોઈ પ્રયોજન કે આયોજન વિના શરૂ થઈ અને આટલે સુધી પહોંચી...ગાંધીનગર વૈચારિક સમૃધ્ધિ ધરાવતો બહોળો સુજ્ઞ વર્ગ ધરાવે છે. એ દરેક ને અભિવ્યક્તિનો અવકાશ સાંપડે જ એવું બનતું નથી.

ગાંધીનગરના પોતાના આ અખબારે આ તક આપી, અંદર ઘૂંટાતા વિચારો ને વહેવાનો માર્ગ મળ્યો. સ્વતંત્રતાના અહેસાસ સાથે આત્મસંતોષના ઓક્સિજનથી ભરાયેલા ફેફસામાં, શ્વાસે- શ્વાસે જીવન પ્રગટ્યું.

આ લેખન યાત્રા ભલે વ્યક્તિગત લાગે...પરંતુ લખતા સમયે દરેક જુદા-જુદા સમૂહ સાથે માનસિક આદાન-પ્રદાન થી જોડાવાને કારણે ખૂબ હર્યું ભર્યું મહેસૂસ થવું એ લેખનની ફલશ્રુતી છે. વાંચક વર્ગ સાથે પારિવારિકતા અનુભવાય એથી વધુ કોઈ આનંદ ન હોઈ શકે. ભરપૂર પ્રેમથી ભરી દેવા બદલ સહુ ને પ્રેમસભર સલામ

પોતાના જ જીવનના ઉદાહરણ દ્વારા કહું તો...શિસ્તના બંધનો અને કડક વાતાવરણમાં ઉછેર થકી પુસ્તક વાંચન-ફિલ્મો જોવા પર પ્રતિબંધ સાથે જીવનના શરૂઆતનાં વર્ષો વીત્યા. પરિવારના વડીલની માન્યતા હતી કે પુસ્તકોમાં અને ફિલ્મોમાં, સ્વપ્નોની રંગીન અને આદર્શ દુનિયાનું ચિત્રણ કરવામાં આવે છે એનો વાસ્તવિક્તા સાથે મેળ હોતો નથી. સતત આજ માહોલમાં વર્ષો વીત્યાં...એ પછીના વર્ષો જવાબદારી એ અડ્ડો જમાવ્યો. પરંતુ નિયતિનું નક્કી કરેલું આપણી જાણબહાર હોય છે. આ બધા સમય દરમ્યાન માણસો વાંચ્યા...ઘટનાઓ વાંચી...સંબંધો વાંચ્યા...વ્યક્તિત્વો વાંચ્યા અને સમજ્યા ઘણું તારવ્યું...ઘણું છોડી દીધું. અનેક નિષ્કર્ષો સાંપડ્યા...સારા-નરસાંના ભેદ સમજાતા ગયા. યોગ્ય-અયોગ્ય જોતાં સમજતાં, જાતને મઠારવાની-ઘડવાની પ્રક્રિયા અનાયાસે ચાલતી રહી...બાળપણ થી જ સમાચાર પત્રો વાંચન ના શોખના કારણે અનેક લેખકો-કવિઓ-દુનિયાનો પરોક્ષ સંપર્ક સતત બની રહ્યો. જેણે અભિવ્યક્તિની કળા શીખવી. સંવાદ થી અભિવ્યક્તિને બહુ અવકાશ નહોતો ત્યારે કાવ્યો, ડાયરીલેખન દ્વારા મન ઠલવાતું રહ્યું...જીવન પર નક્કર વાસ્તવિક્તાની પક્કડ ને કારણે લખાણમાં ગાંભીર્ય અને ગૂઢતા છવાયેલી રહેતી...સમય જતાં લખાણ જ મારે માટે સંવાદનું ઉત્તમ માધ્યમ બની ગયું. બોલવા કરતાં લખાણમાં શબ્દો અને ઊર્મીઓનું સમતોલપણું યોગ્ય રીતે જળવાતું...અને વિચારોને યોગ્ય દિશા આપી શક્યાનું અનુભવાતું. મેસેજ લખું કે પત્ર, કવિતા લખું કે ગીત, પ્રેમ-ગુસ્સો કે અન્ય દરેક ભાવોની અભિવ્યક્તિ લેખનમાં કરવાની ફાવટે આજે ' અબીલ-ગુલાલ ' નું સ્વરૂપ લીધું છે. અભિનેતા રણવીરસીંગે હમણાં જ એક ઈન્ટરવ્યુંમાં જણાવ્યું હતું કે મારી અંદર પીડા અને ગુસ્સો મોટા પ્રમાણમાં દબાઈને પડ્યા છે એ ક્યારેક કવિતા રૂપે બહાર આવશે. કવિ શ્રી મનોજ ખંડેરિયાએ કહ્યા પ્રમાણે...

" શબ્દને મેં પંક્તિમાં વાળી લીધો,
એક ઝંઝાવાતને ખાળી લીધો "

મારી યાત્રાનો આછેરો ચિતાર અત્રે રજૂ કર્યો છે જે અક્ષર:સહુ સત્ય છે અને ઉદેશપૂર્ણ છે. જન્મ પછીના ઉંમરના પ્રત્યેક તબક્કા વ્યક્તિના જીવનમાં અલગ-અલગ રંગ પૂરે છે. કયો રંગ જીવનમાં કાયમી સ્થાન લેશે-હાવી થશે એ કુદરત નિર્મિત છે. અંતરમાં જે પ્રગટે એને કોઈપણ યોગ્ય અને ક્રિએટીવ માધ્યમથી અભિવ્યક્ત કરી શકવાના દરવાજા આપણે શોધવાના છે...ખોલવાના છે.

જોવાયું છે કે દરેક વ્યક્તિને ભગવાને કંઈકને કંઈ વિશેષતા આપી ને મોકલ્યા છે. એ શોધવી જરૂરી છે. એ જડવી એ નસીબની વાત છે. પરંતુ જેને અંગ્રેજીમાં ઁદ્બજૈંહ નામ મળ્યું છે એ એક એવી પ્રોપર્ટી છે જે માણસને જીવન બક્ષી શકે છે. કલ્પનાની ઊડાન ખૂબ આનંદદાયી સફર કરાવે છે...પરંતુ કલ્પના અને વાસ્તવિક્તાના સુંદર મિશ્રણથી જીવાતા જીવન હોય કે કોઈ અભિવ્યક્તિ, એ વધુ અસરકારક હોય છે એવું હંમેશા અનુભવાયું છે. રૂટીન ઢાંચામાં ઢળીને જરૂરીયાતોની આસપાસ જીવાતા જીવનમાં પોતાનું પેશન જીવવાની જેને તક મળે એ ભાગ્યવંત છે.

લોકપ્રિયતાના રથ પર સવાર અને એવોર્ડસ્‌થી નવાજીત એવી પ્રતિભાઓ ઉપરાંત કંઈ કેટલીય ઓજસ્વી પ્રતિભાઓ આ દુનિયામાં છે. જેને કદાચ હજુ આપણે જાણતાં નથી. દુનિયાના એક ખૂણામાં રહીને પણ આ પેશન પોતાનો પમરાટ પ્રસરાવતું હોય છે. જીવનદાતા-ઉત્સાહપ્રેરક-ઉદેશપ્રેરક આ પેશન અનેક મુશ્કેલી વચ્ચે જીવાતા જીવનને પણ મુરઝાઈ જતાં બચાવે છે. સફળતા કે પ્રશંસાની લાલસા વિના સ્વઆનંદ માટે થતા સાચા પ્રયાસને ચોક્કસ જ માર્ગ મળી રહે છે. સરકારશ્રી દ્વારા આરંભાયેલું સ્ટાર્ટઅપ અભિયાન એ, વ્યક્તિમાં છૂપાયેલી ગર્ભિત શક્તિઓને તક આપીને પ્રોત્સાહન આપવાનો આશય ધરાવે છે. અભિવ્યક્તિને મોકળું મેદાન આપવાનો આ પ્રયાસ સાચા અર્થમાં પ્રશંસનીય છે. ભૂતકાળમાં તકના અભાવમાં અનેક પ્રતિભાઓ વિલાઈ ગયાના દાખલા છે. હવે અનેક તકો થી ભરપૂર આ સમયમાં, માત્ર જાતને ધક્કો મારવાની કે જગાડવાની જ જરૂર છે.

ઉંમરના બંધન ને છોડીને જ્યારે પેશન જીવવાનું શરૂ થાય ત્યારે સાચા જીવનની શરૂઆત થાય છે. સહુ વાંચક મિત્રોના ફરી એકવાર આભાર સાથે અર્થસભર જીવન માટે શુભેચ્છા.

'મને વ્યક્ત કર કાં તને તોડું ફોડું,
મને કોઈ મનમાંથી આપે છે જાસો !!!'

**લોકપ્રિયતાના રથ પર સવાર અને એવોર્ડસ્‌થી નવાજીત એવી પ્રતિભાઓ ઉપરાંત કંઈ કેટલીય ઓજસ્વી પ્રતિભાઓ આ દુનિયામાં છે. જેને કદાચ હજુ આપણે જાણતાં નથી. દુનિયાના એક ખૂણામાં રહીને પણ આ પેશન પોતાનો પમરાટ પ્રસરાવતું હોય છે**

# કોઈની આબરુને જોખમ ન પહોંચે



**મનના ઉમંગો**
રણછોડ પરમાર

છેલ્લા ત્રણ લેખોમાંથી બે લેખોમાં આપણે અત્યાર સુધીની ભારતની ચૂટણીઓમાં ઉપયોગમાં લેવાતા જુદા જુદા સૂત્રોની વાતો કરી હતી. પણ આપણા નેતાઓ ચૂટણી દરમ્યાન સામેવાળા ઉમેદવાર માટે કેવા કેવા શબ્દપ્રયોગો કરે છે, મતલબ કે અત્યારની ચૂટણી સભાઓમાં કેવા પ્રકારના ભાષાપ્રયોગો અને સામાવાળા ઉમેદવારની કેવી ટીકા ટીપ્પણીઓ થાય છે તેની કોઈ વાત કરી શકાઈ ન હતી. હું આવો એક લેખ લખવાનો વિચાર કરતો હતો. દરેક નેતા પોતાના ભાષાને જેટલી બની શકે તેટલી હલકી બનાવવા જાણે કૃતસંકલ્પ છે. ચૂટણી પંચને અનેક ફરીયાદો મળે છે. કોઈ કોઈ નેતાને ચૂટણી પંચે ચોવીસ કે બોતેર કલાક માટે બોલતા બંધ કરવાની સજા પણ કરી છે. ભારતના વડાપ્રધાન સામે પણ આચારસંહિતાના ભંગની ફરીયાદો થઈ છે કેટલીક ફરીયાદોમાં ચૂંટણી પંચે તેમને ક્લિન ચીટ આપી છે. જ્યારે આપણે સભાઓમાં આપણા નેતાઓને અસભ્ય ભાષણો કરતા સાંભળીએ છીએ ત્યારે દિલને આંચકો લાગી જાય છે. એથી વધારે દુખદ વાત વળી એ છે કે શ્રોતાઓ આવી વાતોને જબરદસ્ત પ્રતિભાવ આપે છે. ઉત્તરપ્રદેશના મુખ્ય મંત્રીશ્રી આદિત્યનાથ યોગીને પણ આવી સજા થઈ હતી. સજાનો અમલ પૂરો થયા બાદ એમણે તો ચૂટણી પંચ સામે જ તીર છોડી દીધું. " અમે ચૂટણી જીતવા માટે સામેના ઉમેદવારોની ક્ષતિઓ નહીં બતાવીએ તો શું કરીશું ? અમે કંઈ સભાઓમાં મંજીરા વગાડવા તો આવ્યા નથી." દરેક જણ " ભાષાને શું વળગે ભૂર, જે રણમાં જીતે તે શૂર." એ ન્યાયે કોઈપણ હિસાબે ચૂટણી જીતવા માંગે છે. કારણ કે દરેક નેતા જાણે છે ભલે આવી હલકી પ્રક્રિયાથી ચૂટણીઓ જીતાઈ હોય પણ પરિણામો આવ્યા પછી તો વિશ્લેશકો ભારતીય પ્રજાની કોઠાસૂઝના વખાણ કરવાના છે.

આ બધી માથાકુટથી અળગા થવા પુસ્તકો વાંચવાનો પ્રયત્ન કરું છું. હું તારીખ ત્રીસમીએ ગંગાસાગર પ્રવાસે જવાનો હોઈ કાકાસાહેબ કાલેલકરે ગંગાસાગર અંગે કોઈ લેખ લખ્યો હોય તો તે વાંચવા મેં તેમના પુસ્તકો ફેંદ્યા. આવો કોઈ લેખ મળ્યો નહીં. પણ ચરિત્રલેખોનું સંકલન મળી આવ્યું. તેમાં કાકાસાહેબના" બાપુની ઝાંખી" પુસ્તકનો સમાવેશ થયેલો છે. આ પુસ્તક મૂળ હિંદીમાં લખાયેલું અને પછી તેના ગુજરાતી, મરાઠી અને અંગ્રેજીમાં અનુવાદ થયા છે. તેનું એક પ્રકરણ અહીં રજૂ કરવાની લાલચ હું રોકી શકતો નથી.

★★★★★

આત્મકથા( સત્યના પ્રયોગો) વિશે એક દિવસ ચર્ચા નીકળતા મેં (કાકાસાહેબે) કહ્યું, " બાપુજી, આત્મકથામાં આપે બહુ કંજુસાઈ કરી છે. કેટલીયે સારી સારી વાતો આપે છોડી દીધી છે. આપે આત્મકથા જ્યાં પૂરી કરી છે ત્યાંથી આગળની વાતો આપ ભાગ્યે જ લખશો.પણ ફક્ત છોડી દીધેલી બાબતો લખો તોય આત્મકથા જેવડો જ એક મોટો ગ્રંથ તૈયાર થાય."

બાપુ કહેવા લાગ્યા,"બધી વાતો મારે પોતે લખવી એવું થોડું છે ! તમે જાણતા હો તે તમે લખો." મેં કહ્યું,"કોઈ કોઈ જગ્યાએ તો એમ લાગે છે કે આપે જાણી જોઈને કેટલીક વાતો છોડી દીધી છે. આપની વિરુધ્ધની વાતો આપે ચાહીને લખી છે પણ બીજાઓની બાબતમાં એમ નથી કર્યું.દાખલા તરીકે દક્ષિણ આફ્રિકામાં આપને ત્યાં રહેતો એક મિત્ર આપને ગેરહાજરીમાં ઘરમાં વેશ્યાને લાવેલો તેનું વર્ણન આપે બરાબર કર્યું છે, પણ એમ નથી કહ્યું કે આ માણસ પેલો જ મુસલમાન મિત્ર હતો જેણે હાઈસ્કુલના દિવસોમાં આપને માંસ ખાવામાં ખેંચ્યા હતા અને જે માટે આપે ઘરમાં ચોરી કરી હતી.

બાપુ બોલ્યા," તમારી વાત સાચી છે.એ મેં જાણી જોઈને જ નથી લખ્યું. મારે આત્મકથા લખવી હતી તેમાં આ વાતનો ઉલ્લેખ જરુરી નહોતો. બીજી વાત એ કે એ માણસ હજી જીવે છે. કેટલાક લોકો મારો અને એનો સંબંધ જાણે પણ છે. બંને પ્રસંગો ભેગા થવાથી એના તરફ લોકોની ધૃણા વધે એવો સંભવ ઊભો થાય."

દરેક માણસ માટે બાપુના મનમાં કેટલી કરુણા વસે છે એ જોઈને મને એક જૂની વાત યાદ આવી.

બનારસ હિંદુ યુનિવર્સીટીવાળા બાપુના ભાષણ પછી બાપુ અને શ્રીમતી બેસેંટની બાબતમાં લાંબી ને તીખી ચર્ચા ચાલી હતી. એ સંબંધમાં મુંબઈના ઈંડીયન સૉશ્યલ રિફોર્મરમાં શ્રી નટરાજને બાપુ વિશે લખ્યું હતું. એવરી વંસ ઓનર ઈઝ સેફ એન હીઝ હેંડઝ-બાપુના હાથમાં સૌની આબરુ સલામત છે.

બાપુના ચારિત્ર્યની આ બાજુ નટરાજને બહુ સુંદર શબ્દોમાં વ્યક્ત કરી છે.

આ પ્રસંગની સાથે એક બીજો પ્રસંગ પણ યાદ આવે છે.

એક મુખ્ય મુસ્લિમ કાર્યકર્તા વિશે વાત ચાલતી હતી. મેં એના કોઈ અનુચિત જાહેર વ્યવહારની વાત કરી. બાપુ દુ:ખી થઈને બોલ્યા," ત્યારથી મારા મનમાં તેની પહેલાંના જેવી કિંમત નથી રહી .પણ તેથી શું ? તેને કશું નુકસાન નહીં થાય. મારા મનમાં કોઈની કિંમત વધી તોયે શું અને ઘટી તોયે શું ? મારો પ્રેમ થોડો જ ઓછો થવાનો હતો ?"

★★★★★

ગુજરાત સમાચારમાં દર મંગળવારે શ્રી અક્ષય અંતાણી "બોજ વિનાની મોજ" કોલમ લખે છે.આ કોલમમાં તેઓ આપણા જાણીતા ગુજરાતી શબ્દોની કમાલની તોડ મરોડ કરી ગજબનું હાસ્ય ઉત્પન્ન કરે છે. તા-૨૮/૧૧/૨૦૧૭ ના રોજ તેમણે લખેલા " કવિ અને કીડી બંને બહાર પાડે સંગ્રહ " નામનો હાસ્યલેખ લખ્યો હતો . (તેમાં એક વારતા આપેલી .) શ્રી રાજેશભાઈ તેમના લેખના અંતે અંત-વાણી શિર્ષક હેઠળ સરસ મઝાના ચબરાકિયાં મુકે છે તેની પણ મઝા માણો.

★ અંગ્રેજીમાં ચુંટણીને પોલ કહે છે.
એટલે જ ચુંટણીમાં પોલમપોલ રહે છે.

★ સરકારો બધી ગઠબંધનની , એટલે શરતો બધી હઠ-બંધનની અને શઠ-બંધનની.

★ સુરતની વાનગી લોચાને રાષ્ટ્રીય વાનગીનો દરજ્જો આપવો જોઈએ કારણ કે,
ભ્રષ્ટાચાર કહાસે કહા તક પહુચા ન થા
કભી યે સોચા ન થા, કભી યે લોચા ન થા.

★ એવી કઈ નાવ છે, જે તારે પણ અને ડુબાડે પણ - ચુનાવ

★ ચુનાવી રાજકારણથી ક્યાં છુટાય છે ? ઉમેદવારો ચુંટાય અને મતદારો કુટાય છે.

★ ઈસ દેશકે વાસી હમ હૈ.
કભી ખુશી કભી ગમ હૈ, પોલ્યુશનકે મહેરબાની દેખો,
કભી ખાંસી કભી દમ હૈ.

## ઈસ દેશકે વાસી હમ હૈ, કભી ખુશી કભી ગમ હૈ, પોલ્યુશનકી મહેરબાની દેખો, કભી ખાંસી કભી દમ હૈ